**હરિયાળા વાવેતર થકી ઉજ્વળ પર્યાવરણ કાર્યક્રમ અંતર્ગત**

# અમદાવાદ ખાતે ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે વૃક્ષારોપણ કાર્યક્રમ



સમગ્ર અમદાવાદ અને ગાંધીનગરમાં ૪૦૦ થી વધુ સોસાયટીઓમાં ૧૭,૦૦૦થી વધુ વૃક્ષોના વાવેતરનો કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા શુભારંભ કરાવવામાં આવ્યો હતો. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે અમદાવાદ સાયન્સ સીટી નજીક કલ્હાર સોસાયટી ખાતે 'હરિયાળા વાવેતર થકી ઉજવળ પર્યાવરણ' કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરાયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સમગ્ર અમદાવાદ અને ગાંધીનગરમાં ૪૦૦થી વધુ સોસાયટીઓમાં કુલ ૧૭ હજારથી વધુ વૃક્ષોના વાવેતરનો શુભારંભ કરાયો હતો. આ કાર્યક્રમનો મૂળ ઉદ્દેશ દરેક નાગરિકે પોતાના ઘરના આંગણે કે આસપાસના વિસ્તારમાં વૃક્ષો વાવી પ્રકૃતિને ઝળહળતી રાખવાનો છે. જેના પ્રતિક રૂપે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા પીપળાનું વૃક્ષ વાવી વૃક્ષારોપણનો શુભારંભ કરાયો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ક્યુ.સી.આઈના ચેરમેન શ્રી જક્ષય શાહ, ક્રેડાઈ અમદાવાદના પ્રેસિડેન્ટ શ્રી તેજસ જોષી, વિવિધ ધારાસભ્યો, કોર્પોરેટરો તેમજ અમદાવાદ કોર્પોરેશનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાન' : મોતિયાના ઓપરેશન્સમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે

**૨૦૨૨-૨૩ માટે લક્ષ્યાંક ૧,૨૬,૩૦૦ ના ૫૦૪% એટલે કે ૬,૩૬,૪૨૮ મોતિયાના ઓપરેશન્સ તથા ૨૦૨૩-૨૪ માં ૧,૫૧,૭૦૦ મોતિયાના ઓપરેશન્સનું લક્ષ્યાંક નિર્ધારિત : અત્યારસુધીમાં ૧,૨૩,૯૭૫ મોતિયાના ઓપરેશન્સ**

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર, ૧૩ ઓગસ્ટ: વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ગૃહ રાજ્ય ગુજરાતે તેમની સંવેદનશીલ પહેલ 'રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાન અંતર્ગત' વર્ષ ૨૦૨૨-૨૩ માટે મોતિયાના ઓપરેશન્સના ૧,૨૬,૩૦૦ના નિર્ધારિત લક્ષ્યાંકના ૫૦૪% એટલે કે ૬,૩૬,૪૨૮ મોતિયાના ઓપરેશન્સ કરીને દેશમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. એટલું જ નહીં, પરંતુ પ્રતિ ૧૦ લાખની વસ્તીએ ૧૦,૦૦૦થી વધુ મોતિયાના ઓપરેશન્સનો દર હાંસલ કરીને ગુજરાત આ શ્રેણીમાં પણ અગ્રણી રાજ્ય રહ્યું છે. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૩ વર્ષના લક્ષ્યાંક સાથે મે ૨૦૨૫ સુધીમાં દેશમાં અંધત્વનો દર ૦.૨૫% સુધી ઓછો કરવા માટે કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૨માં રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાનની શરૂઆત કરી છે. કેન્દ્ર સરકારની આ પહેલ હેઠળ ૫૦ વર્ષથી વધુ વયના મોતિયાના કારણે અંધ અથવા તો ઘનિષ્ઠ દ્રષ્ટિખામી ધરાવતા વ્યક્તિઓના ઓપરેશન નિઃશુલ્ક કરવામાં આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જ્યારે વર્ષ ૨૦૨૨માં રાષ્ટ્રીય નેત્ર જ્યોતિ અભિયાનની શરૂઆત કરી ત્યારે તેમના આ વિચારને સાકાર સ્વરૂપ આપવામાં ગુજરાતનું યોગદાન સૌથી વધુ હોય તેવા ઉદ્દેશ્યથી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ વર્ષ ૨૦૨૨માં જ 'મોતિયા અંધત્વ મુક્ત ગુજરાત' ઝુંબેશની શરૂઆત કરી. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગે આ ઝુંબેશ હેઠળ એક ડેડિકેટેડ વેબસાઈટ cataractblindfree.gujarat.gov.in પણ શરૂ કરી છે. સરકારી હોસ્પિટલોમાં કામ કરતા આરોગ્યકર્મીઓ દ્વારા સંચાલિત આ વેબસાઈટમાં દર્દીઓનું પ્રાથમિક રજિસ્ટ્રેશન, રેફલર સેવા, ઓપરેશન સેવા અને ફોલોઅપ સેવા સંબંધિત સેવાઓની સંપૂર્ણ જાણકારી હોય છે.

આ અભિયાન હેઠળ રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકા વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે અને નિર્ધારિત એક્શન પ્લાન મુજબ આ ઝુંબેશનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે આ ઝુંબેશ હેઠળ અત્યારસુધીમાં રાજ્યમાં ૮ લાખથી વધુ સફળ ઓપરેશન્સ કરવામાં આવ્યા છે.

ગુજરાતના આ મહત્વપૂર્ણ અભિયાનને રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ ચાર મુખ્ય તબક્કાઓમાં સંપાદિત કરે છે.

**કેન્દ્રીય ગૃહમંત્રી અને મુખ્યમંત્રી હાજરીમાં ઘાટલોડીયા ખાતે ભવ્ય તિરંગા યાત્રા**

# સપૂતોના બલિદાન આવનારી પેઢી અને દેશ માટે જીવવાના સંસ્કાર : અમિત શાહ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની જોડીએ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરીને દેશને એક અને અખંડ કર્યો : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**







અમદાવાદ, તા.૧૩

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ એ જણાવ્યું હતું કે, આપણને આઝાદી મળી તેની પાછળ લાખો કરોડો લોકોએ ૯૦ વર્ષ સુધી સંઘર્ષ કર્યો અને બલિદાન આપ્યાં હતાં. કેટલાય વીર સપૂતો અને ક્રાંતિકારીઓ યુદ્ધના મેદાનમાં વીરગતિ પામ્યા હતા. ભગતસિંહ, ખુદીરામ બોઝ, બાબુ કુંવર સિંઘ સહિત કેટલાંય વીર શહીદો હસતા હસતા ઈક્વલાબ ઝિંદાબાદના નારા સાથે વીરગતિ પામ્યાં હતાં. દેશના વીર સપૂતોના બલિદાન ખાલી બલિદાન માત્ર નથી, તેમના બલિદાન આપણી આવનારી પેઢી અને દેશ માટે જીવન જીવવાના સંસ્કાર છે. લોકતંત્રની જનની એવો આપણો દેશ આઝાદીના ૭૫ મા વર્ષમાં પ્રવેશ્યો છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના લોકોમાં દેશભક્તિનો જુવાળ ઊભો કર્યો છે. વડાપ્રધાનશ્રીએ ૧૫ ઓગસ્ટ ૨૦૨૩ થી ૧૫ ઓગસ્ટ ૨૦૪૭ સુધી આઝાદીનો અમૃતકાળ ઉજવવા માટે આહવાન કર્યું છે. દેશના ૭૫ થી ૧૦૦ વર્ષની આ યાત્રામાં આપણે સૌ દેશવાસીઓ દેશને દરેક ક્ષેત્રે નંબર ૧ બનાવવા માટે આપણું સંપૂર્ણ યોગદાન અર્પણ કરવા કટિબદ્ધ છીએ. ગત વર્ષે હર ઘર તિરંગા અભિયાનમાં દેશમાં આબાલવૃદ્ધ સૌ કોઈ સાથે મળીને દેશભક્તિના રંગે રંગાયા હતાં. આજે તિરંગા સાથે અહીં ઉપસ્થિત વિશાળ જનમેદની જોઈને 'મારી માટી, મારો દેશ' અભિયાન પણ સફળ થતું દેખાઈ રહ્યું છે. ગુજરાતમાં પણ આ વર્ષે એક કરોડથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવા અને ગામેગામથી માટીને એકત્રિત કરીને વડાપ્રધાનશ્રી સુધી પહોંચાડવા માટે લોકો ઉત્સાહભેર આ અભિયાનમાં ભાગ લઈ રહ્યા છે. સાથે જ માનનીય મંત્રીશ્રીએ ઉપસ્થિત જનમેદનીને પોતાના ઘર પર તિરંગો ફરકાવીને તેની સેલ્ફી ઓનલાઈન અપલોડ કરીને આ મહાઅભિયાનમાં સહભાગી બનવા આહવાન કર્યું હતું.

તિરંગા યાત્રા ફ્લેગ ઓફ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ભારતનું અભિન્ન અંગ હોવા છતાં પહેલાં કાશ્મીરમાં તિરંગો ફરકાવવા માટે સંઘર્ષ કરવો પડતો હતો. ભૂતકાળમાં આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હિંમતભેર કાશ્મીરમાં તિરંગો લહેરાવ્યો હતો. દેશની ભાવિ પેઢીને તિરંગો લહેરાવવા માટે સંઘર્ષ ના કરવો પડે એટલા માટે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની જોડીએ સંઘર્ષ કર્યો હતો. તેમના સબળ નેતૃત્વમાં કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરીને દેશને એક અને અખંડ બનાવવામાં આવ્યો. જેના લીધે આજે કાશ્મીરમાં તિરંગો શાનથી ફરકી રહ્યો છે. દેશના ગૃહમંત્રી તરીકે અમિતભાઈ શાહના નેતૃત્વમાં આજે આપણે આંતકવાદ અને દેશવિરોધી પ્રવૃત્તિઓને ડામવામાં સફળ થયા છીએ. દેશભરમાં પોલીસ દળો, સીઆરપીએફ, બીએસએફ, પેરા ફોર્સ સહિતના સુરક્ષા દળોએ આજે દેશનું ગૌરવ વધાર્યું છે. ઉપસ્થિત પોલીસ બેન્ડ દ્વારા સંગીતના તાલે મહાનુભાવોને આવકારવામાં આવ્યાં હતાં. પ્લાટૂન કમાન્ડોની આગેવાનીમાં વિવિધ પોલીસ દળોની પરેડ સાથે ઉપસ્થિત મહાનુભાવો એ ફ્લેગ ઓફ કરાવીને તિરંગા યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત તમામ ઉપસ્થિત મહાનુભાવો ત્યારબાદ લોકો સાથે તિરંગા યાત્રામાં જોડાયા હતા. આ પ્રસંગે જિલ્લા કલેકટર સુશ્રી પ્રવિણા ડી. કે., ડેપ્યુટી મેયરશ્રી ગીતાબેન પટેલ, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી એમ. થેન્નારસન, અમદાવાદના ધારાસભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ, પોલીસ કમિશ્નર શ્રી જી.એસ.મલિક, વિવિધ પોલીસદળો, કોર્પોરેટરશ્રીઓ સહિત મોટી સંખ્યામાં જાહેર જનતાએ તિરંગાનું સન્માન વધારતી યાત્રામાં જોશભેર ભાગ લીધો હતો.

## દેશની જનતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતું કે ગરીબ, વંચિત અને છેવાડાના માનવીની અપેક્ષા પૂર્ણ કરી ઈઝ ઓફ લિવિંગના શ્રેષ્ઠ માપદંડો દ્વારા સુવિધા પૂર્ણ જીવન માટે રાજ્ય સરકારે અભિયાન હાથ ધર્યું છે. તેમણે ઉમેર્યું હતું કે સામાન્ય માનવીની અપેક્ષા એવા આરોગ્ય, આહાર અને આવાસની સુવિધા માટે રાજ્ય સરકારે પ્રાધાન્ય આપ્યું છે. જરૂરતમંદ લોકોના ઘરના ઘરનું સપનું સાકાર કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને મુખ્યમંત્રીશ્રી એ સુખમય જીવનની શુભેચ્છાઓ પણ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા નવ વર્ષમાં સરકારે શહેરી વિકાસ ક્ષેત્રે ઊડીને આંખે વળગે તેવું કાર્ય કર્યું છે આ સમય દરમિયાન મહાનગરોનાં વિસ્તરતા ક્ષેત્રોમાં ?૬૭૪ કરોડના ૫૯૪ કામો મંજૂર કર્યા છે. શહેરી વિકાસ માટે સરકારે બજેટમાં ૩૭% નો વધારો કર્યો છે. તેમણે વિકસીત ભારતના નિર્માણ માટે સૌ નાગરિકોને સંકલ્પબદ્ધ થવા આ તકે અનુરોધ પણ કર્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી આજના દિવસને વિકાસનો ઉત્સવ ગણાવ્યો હતો. ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગુડાના વિકાસ પ્રકલ્પો સાથે સાથે રાંધેજા -બાલવા ચાર માર્ગી રસ્તાનું ખાતમુહૂર્ત તેમજ રાંધેજાની શેઠ શ્રી એન એન પટેલ સાર્વજનિક હોસ્પિટલ અને સરઢવ ની રેવાબા સાર્વજનિક હોસ્પિટલના નવનિર્માણ કાર્યનો શુભારંભ પણ કરાવ્યો હતો આ પ્રસંગે મંત્રીશ્રીએ સરઢવની જનતાનગર આંગણવાડી ખાતે બાળકોને રમતગમતના સાધનો અર્પણ કર્યા હતા તેમજ શશીકલા ઉદ્યાન સહિત અન્ય ઉદ્યાનનું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ પટેલ, અગ્રણી શ્રી વાડીભાઈ પટેલ, શ્રી અનિલભાઈ પટેલ તેમજ ગુડાના ચેરમેન શ્રી જે. એન. વાઘેલા, મુખ્ય કારોબારી અધિકારી શ્રી બી. પી. દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી હિતેશ કોયાએ આભાર દર્શન કર્યું હતું.

## ભારત દેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશવાસીઓમાં દેશભક્તિની જયોત પ્રજવલિત કરવાનું કામ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ થકી કર્યું છે. તેમજ માણસાથી નજીક સમૌ ગામમાં પાંચ શહીદ વીરોને ફાંસીની સજા અપાઈ છે, તે વાતથી અનેક લોકો અજાણ હતા તેવું જણાવી કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, દેશમાં આવા અનેક શહીદવીરોની ગાથાઓ છુપાઈને પડી હતી, તેવી ગાથાઓ આઝાદીના અમૃત મહોત્સવ થકી ઉજાગર થઈ છે.

માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને જણાવ્યું હતું કે, દેશના વિકાસને પ્રબળ નેતૃત્વ ગુજરાતના સૂપત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પુરું પાડયું છે. માણસાના વિકાસ કાર્યોમાં હમેંશા ઉત્સાહી માણસાના સપૂત એવા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ રહે છે, તેવું કહી કેન્દ્રીય ગૃહ મંત્રીના સહયોગથી માણસામાં થયેલા વિવિધ વિકાસ કામોની ઝાંખી કરાવી હતી.

આ પ્રસંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, મહેસાણાના સાસંદ શ્રીમતી શારદાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, એન.એસ.જી.ના ડી.જી. શ્રી ગણપતસિંહ, જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઈ પટેલ સહિત પદાધિકારીઓ અને માણસાના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગૌરવભેર જણાવ્યું હતું કે, એન.એસ.જી. દેશને આંતકવાદીથી બચાવનાર સંસ્થા છે. દેશમાં અનેક આંતકવાદીઓને એન.એસ.જી.ના કમાન્ડોએ માર્યા છે. હાલમાં દેશમાં ૪ સેન્ટરો એન.એસ.જી. કમાન્ડોના કાર્યકરત છે. હવે, ગુજરાતમાં પાંચમું એન.એસ.જી. કમાન્ડોનું ટ્રેનિંગ સેન્ટર લેકાવાડા ગામ ખાતે ૬૦ એકર જમીનમાં રૂ. ૪૦૦ કરોડના ખર્ચે ઉભું થનાર છે.

દેશ માટે આપણને જીવતા કોઈ ન રોકી શકે, તેવું કહી કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહે ઉમેર્યું હતું કે, ૧૫ હજાર વર્ષ જૂની આપણી સંસ્કૃતિ છે. સંસ્કૃતિની ગરિમા, ઉંચાઈ અને તેના ગૌરવથી વાકેફ આપણા બાળકોને આપણે જ કરવાના છે. આપણી ભવિષ્ય પેઢીને આ વાતથી વાકેફ કરવાનો સંકલ્પ આઝાદીના અમૃત મહોત્સવ દરમ્યાન નાગરિકોને કરવા ભારપૂર્વક જણાવ્યું હતું.

ચંદ્રાસર તળાવના બ્યુટિફિકેશન કામથી સંતોષ વ્યક્ત કરીને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે દ્રઢ વિશ્વાસ સાથે જણાવ્યું હતું કે, માણસા તળાવોનો વિકાસ આગામી ૧૦૦ વર્ષ સુધી લોકો યાદ કરશે. આ તળાવો એક પર્યટક સ્થળ સાથે સાથે સંસ્કૃતિનું કેન્દ્ર બની રહેશે. કોઈપણ વ્યક્તિને અન્નક્ષેત્ર ન જવું પડે તેવી પ્રાર્થના કરીને કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, હું મારી બા ની સ્મૃતિમાં માણસામાં અન્નક્ષેત્ર શરૂ કર્યું છે. આ પાછળનો ઉમદા ભાવ એટલો છે કે માણસાનો કોઈ નાગરિક ભુખ્યો ન સૂવે, તેની મે ચિંતા કરી છે.

માણસાના વિકાસ કાર્યોથી માણસાના નાગરિકોને જે આનંદ થાય છે, તેવા આનંદની અનુભૂતિ હું આજે કરી રહ્યો છુ, તેવું કહી કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, માણસાએ મને અને મારા પૂર્વજોને ઘણું આપ્યું છે. તેમણે માણસાના વિકાસની જવાબદારી જેટલી માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલની છે, તેટલી જ જવાબદારી મારી પણ છે, તેવું પણ ઉમેર્યું હતું.

## ટેસ્ટીંગ થાય છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જયારે વરસાદી પાણી જમીનમાં ઉતારવાની યોજના અન્વયે પણ યોગ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ મામલે તંત્રના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરના સેકટરોમાં સપ્લાય થતા પાણીમાં ગુણવત્તા ચકાસણી અન્વયે ફોલોરાઈડ, નાઈટ્રેટ કેલ્શિયમ, પી એચ વેલ્યુ તેમજ રંગ વાસ સહીત વિવિધ ૧૩ પ્રકારના ટેસ્ટીંગ કરવામાં આવે છે. જેમાં વિવિધ બે કેટેગરી એક અત્યંત ઉત્તમ અને અન્ય બીજા પ્રકારમાં માનવજીવને કોઈપણ પ્રકારે નુકશાન ન થાય તે મુજબના માપદંડ સાથે પાણી પોર્ટેબલ હોય તેવુ જયારે આ બન્ને પ્રકારના ધારધોરણ મુજબ રીપોર્ટમાં સમાવિષ્ટ માત્રા સાથે સરખામણી કરવામાં આવે છે. જયારે થોડા સમય અગાઉ કરવામાં આવેલા પાણીના રીપોર્ટ પણ યોગ્ય હોવાનુ સ્પષ્ટ થયુ છે. શહેરના સેકટરોમાં સ્થિત બોરના પાણીનો રીપોર્ટ શ્રેષ્ઠતાની નજીક છે. પાણીમાં જરૂરી તત્વોના પ્રમાણ મુજબ ફલોરાઈડ અને નાઈટ્રેટ જેવા રસાયણોનુ પ્રમાણ તેની પરવાનગીની માત્રા કરતા ઓછુ હોવાનુ જણાયુ હતુ. શહેરના સેકટરોમા બોરની સંખ્યા વિશેષ છે. જયારે પાણીના બોરનો ઉપયોગ પણ લાઈનમાં પાણી ભરવા માટે થાય છે. ત્યારે બોર આધારિત પાણીના સમયાંતરે નમુના લેવા અનિવાર્ય હોવાથી તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવે છે. કોઈ કિસ્સામાં બોરના પાણીનો રીપોર્ટ ઓકે ન હોય તો તાત્કાલિક બોરના પાણીનો ઉપયોગ પણ બંધ કરી દેવામાં આવે છે.

## જોડાણ કપાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

થઈ શકી નથી. શહેરના સેકટરોમાં અંદાજિત ૨.૨૫ કરોડના માંગણા સામે માંડ ૫૦ ટકા જેટલી જ વસુલાત થાય છે. શહેરમાં પાણી ગટરના જોડાણકર્તાઓની સંખ્યા પણ અંદાજિત ૨૬ હજાર જેટલી છે. આ સ્થિતિ વચ્ચે ગત વસુલાત ઝુંબેશના અંતે હાલની સ્થિતિએ પણ સે-૧ થી ૧૩ માં જ બાકીદારોની સંખ્યા વિશેષ છે. શહેરના ૧ થી ૧૩ માં વેરો નહીં ચુકવનાર ૧૩૮૮ જેટલા બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. આ ઉપરાંત ધોળાકુવામાં ૩૪૬ ઈન્દ્રોડામાં ૩૧૦ અને ગોકુળપુરામાં પણ ૨૬ જેટલા બાકીદારોને વેરો નહીં ભરવાના મામલે નોટીસ આપવામાં આવી છે. શહેરના સે- ૧ થી ૧૩ માં જ વેરા વસુલાત અન્વયે ૧૩૮૮ બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. જયારે ધોળાકુવા, ઈન્દ્રોડા અને ગોકુળપુરા વિસ્તારમાં પણ ૬૮૨ જેટલા બાકીદારોને નોટીસ આપવામાં આવી છે. શહેરના સે- ૧ થી ૧૩ માં કુલ ૧૩૮૮ અને ત્રણેય ગામના ૬૮૨ જોડાણકર્તાઓ પાસેથી અંદાજિત રૂ ૪૦ લાખનો વેરા વસુલાત બાકી નિકળે છે. જે અન્વયે તંત્રએ નોટીસ આપી છે. જો કે આ બાકી માંગણા સામે અંદાજિત ૨૫ લાખનુ માંગણાની વસુલાત શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામજનો પાસેથી વસુલવાની થાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આ બાકીદારોને નોટીસ આપવાનુ શરૂ કરાયુ છે જેમાં ટુંકમાં વેરો નહીં ચુકવનારા જોડાણકર્તાઓનુ જોડાણ કાપવા સુધીના કડક પગલા લેવાશે તેમ પણ નોટીસમાં જણાંવાયુ છે.

## પહેલું કિરણ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

કુસુમબહેનના જીવન પુનઃ એક વળાંક આવ્યો. આઘાત-પ્રત્યાઘાત, પડકાર, વિપરિત સ્થિતિ અને જુદી જુદી ગતિમાં પણ કુસુમબહેન સ્થિતપજ્ઞ વ્યક્તિની જેમ જીવન સાથેની વફાદારી જાળવીને જીવે છે.એવું કહેવાય છે કે વ્યક્તિને પડકારભરેલા સમયમાં સેવા અને કલા આ બે વાનાં ટકાવી રાખે છે. કુસુમબહેન પાસે તો એ બન્ને છે. સેવા તેમના સ્વભાવ અને લોહીમાં છે. એ જ રીતે લેખન-વાચન, નૃત્ય સહિતની ઘણી કલા તેમને ગમે છે. આખા ગુજરાતના વડીલોની નિબંધ સ્પર્ધા થઈ તેમાં કુસુમબહેને ભાગ લીધો અને વિજેતા પણ બન્યાં.

અને હા, જીવનની સ્પર્ધામાં પણ તેઓ વિજેતા બન્યાં છે.

કુસુમબહેન, હિપ હિપ હુરેરેરે..

(પૂરક માહિતીઃ અનિતા તન્ના)

# શહેરી વિસ્તારના ધારાસભ્યોને માર્ગ મરામત, વિકાસના કામો માટે બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ

**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો જનસુખાકારીનો મહત્વપૂર્ણ નિર્ણય**

ગાંધીનગર, તા.૧૩

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના શહેરી વિસ્તારોમાં માર્ગ-રોડ રસ્તાના કામો માટે શહેરી વિસ્તારના ધારાસભ્યોને રૂ. બેકરોડની ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્યના શહેરી મતવિસ્તારોનું પ્રતિનિધિત્વ કરતાં ધારાસભ્યો પોતાના વિસ્તારમાં આ ગ્રાન્ટમાંથી માર્ગ મરામત અને માર્ગ વિકાસના કામો હાથ ધરી શકે તે હેતુસર ધારાસભ્ય દિઠ રૂ. બે કરોડની ગ્રાન્ટ ૨૦૨૩ -૨૪ના વર્ષ માટે માર્ગ-મકાન વિભાગમાંથી ફાળવવામાં આવશે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ કરવામાં આવેલી દરખાસ્તનો સકારાત્મક પ્રતિભાવ આપતાં શ્રી ભૂપેન્દ્ર પટેલે આજન સુવિધાલક્ષી નિર્ણય કર્યો છે. આ નિર્ણયથી શહેરી ક્ષેત્રોનાં માર્ગોનું નેટવર્ક વધુ સુગ્રથિત અને સુદ્રઢ બનશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભામાં વિધાયક તરીકે જન પ્રતિનિધિત્વ કરતા ૧૨ મહિલા ધારાસભ્યોને પ્રત્યેકને તેમના વિસ્તારોમાં રોડ-રસ્તાનાં વિવિધ કામો માટે વધારાના સવા કરોડ રૂપિયાની ગ્રાન્ટ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ફાળવણી કરવામાં આવી છે.

**કંપની સમાચાર**

# પિરામિડ ટેક્નોપ્લાસ્ટ લિમિટેડનો આઈપીઓ તા.૧૮મીએ ખુલશે

- ઈશ્યૂ સાઈઝ-Rs ૧૦ના પ્રત્યેક ૯૨,૨૦,૦૦૦ ઈક્વિટી શેર સુધી
- ફ્રેશ ઈશ્યુ સાઈઝ-Rs ૧૦ના પ્રત્યેક ૫૫,૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધી
- ઑફર ફોર સેલ-Rs ૧૦ના પ્રત્યેક ૩૭,૨૦,૦૦૦ ઈક્વિટી શેર સુધી
- ઈશ્યુ સાઈઝ-Rs ૧૩૯.૨૨ કરોડ - ઈજ ૧૫૩.૦૫ કરોડ
- પ્રાઈસ બેન્ડ -Rs ૧૫૧ – ઈજ ૧૬૬
- માર્કેટ લોટ સાઈઝ - ૯૦ ઈક્વિટી શેર
- એક્રર બિડિંગનો સમયગાળો-૧૭મી ઓગસ્ટ, ૨૦૨૩

અમદાવાદ, તા.૧૨

પિરામિડ ટેક્નોપ્લાસ્ટ લિમિટેડ ("કંપની"), જેએક ઔદ્યોગિક પેકેજિંગ કંપની છે અને પોલિમર આધારિત મોલ્ડેડ ઉત્પાદનો જેવાં કે કઠોર ઈન્ટરમીડિયેટ બલ્ક કન્ટેનર (IBC), પોલિમર ડ્રમ્સ અને એમએસડ્રમ્સના ઉત્પાદનમાં પોતાની કુશળતા માટે જાણીતી છે, તેણે પ્રસ્તાવિત રીતે શુક્રવાર, ૧૮મી ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ખુલી રહેલા ઈનિશિયલ પબ્લિક ઑફર ("ઑફર") સાથે જાહેર થવાની પોતાની યોજના જાહેર કરી છે. ઓફરના માધ્યમથી ઈજ ૯૧.૩૦ કરોડના ફ્રેશ ઈશ્યુ અને વેચનાર શેરહોલ્ડર દ્વારા અપર બેન્ડ પ્રાઈસ પર Rs ૬૧.૭૫ કરોડના વેચાણની ઑફરનો સમાવેશ થાય છે. ઈક્વિટી શેર એનએસઈ અને બીએસઈ પર સૂચિબદ્ધ થશે.

ઈક્વિટી શેર ફાળવણીઃ

- ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (QIB) - ૨૭,૬૬,૦૦૦ ઈક્વિટી શેર્સ સુધી
- નૉન- ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ (NII) - ૧૮,૪૪,૦૦૦ ઈક્વિટી શેર્સ સુધી
- રીટેલ ઈન્ડિવિડ્યુઅલ ઈન્વેસ્ટર્સ (RII) - ૪૬,૧૦,૦૦૦ ઈક્વિટી શેર સુધી

ઑફરમાંથી મળેલી ચોખ્ખી આવકનો ઉપયોગ કંપની દ્વારા લેવામાં આવેલ ચોક્કસ બાકી ઉધારની પુનઃચુકવણી અને/અથવા પૂર્વ ચુકવણી અથવા સંપૂર્ણ કે આંશિક ચુકવણી, કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે ભંડોળ પૂરું પાડવા, સામાન્ય કોર્પોરેટ હેતુ અને ઓફર સંબંધિત ખર્ચને પહોંચી વળવા માટે કરવામાં આવશે. ઑફર ૨૨મી ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ બંધ થશે.

ઑફર માટે બુક રનિંગ લીડ મેનેજર્સ પીએનબી ઈન્વેસ્ટમેન્ટ સર્વિસિસ લિમિટેડ અને ફર્સ્ટ ઓવરસીઝ કેપિટલ લિમિટેડ છે. આ ઓફરના રજીસ્ટ્રાર બિગશેર સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ છે.

પિરામિડ ટેક્નોપ્લાસ્ટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી બિજયકુમાર અગ્રવાલે જણાવ્યું, "આ ઓફર અમારી જળવાઈ રહેલી સફરમાં નોંધપાત્ર રીતે સીમાચિહ્નરૂપ છે. અમારો ધ્યેય અમારા અનુભવની સંપત્તિને આધારે અમારા મૂલ્યવાન ગ્રાહકોને ઉચ્ચ-ગુણવત્તાવાળા ઉત્પાદનો પહોંચાડવાનો છે.કેમિકલ અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ માટે ભારત એક અગ્રણી ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે, ત્યારે અમે અમારા પેકેજિંગ સોલ્યુશન્સની માંગમાં સતત વધારો થવાની અપેક્ષા ધરાવીએ છીએ. ઑફરમાંથી ઉભી થયેલી મૂડી અમારી વૃદ્ધિને આગળ વધારવામાં અને અમને બજારહિસ્સો વધારવા માટે સક્ષમ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવશે."